**નામદાર શ્રી પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબની કોર્ટ સમક્ષ,**
**મુકામ: રાણાવાવ.**

**રે.દિ.મુ.નં. ૨૫/૨૦૨૫**

**–:: વાદી ની આંક–૫ ની સી.પી.સી.ઓ.૩૯, રૂલ–૧–૨ તથા કલમ–૧૫૧ મુજબ કામ ચલાઉ મનાઈ હુકમ મળવા અંગેની અરજી નીચે હુકમ ::–**

**(૧). વાદીની મનાઈ હુકમની અરજીની હકીકત :–** વાદીની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, નામ.કોર્ટ સમક્ષના રે.દિ.મુ.નં.૦૮/૨૦૨૫ ની પ્રથમ મુદૃતે બંને પક્ષકારો વચ્ચે થયેલ નોટરી રૂબરૂના નોંધાયેલા સમજુતી કરાર આધારે વાદીએ પ્રતિવાદી ઉપર ભરોસો અને વિશ્વાસ રાખીને કોઈ વકીલ રોકયા વગર નોટરી રૂબરૂના નોંધાયેલા સમજુતી કરાર આધારે કરારદાદી હુકમનામુ કરી આપવા અંગેની અરજી તૈયાર કરાયેલ હોવાનું માનીને વાદીએ સહી કરી આપેલી, જયારે પ્રતિવાદીએ નોટરી રૂબરૂના નોંધાયેલા સમજુતી કરારમાંથી માત્ર અને માત્ર પોતાના ફાયદાની રસ્તાની હકીકત સંબંધેનો જ ઉલ્લેખ કરી કરારદાદી હુકમનામુ કરી આપવાની અરજીમાં માત્ર રસ્તાનો જ ઉલ્લેખ કરેલ હોય જયારે બાકીની નોટરી રૂબરૂના નોંધાયેલા સમજુતી કરારની કોઈ હકીકત ઈરાદાપૂર્વક પાછળથી ફરી જવાના બદ–ઈરાદે જણાવેલ નહી અને પ્રતિવાદીએ જમીનના ખુંટની હારોહાર વિજ પોલ નાંખવા દેવાનો તેવો સ્પષ્ટ સમજુતી કરાર હોય, વાદીએ પી.જી.વી.સી. એલ. પાસેથી વિજ જોડાણ માંગેલ તે સબંધેનો વિજ પોલ પ્રતિવાદીની જમીનમાં સમજુતી કરાર મુજબ નાંખવા દેવાની અને વાંધો ન લેવાની કબુલ કરેલી હકીકત છુપાવેલ હોય અને તેથી જ વાદીએ કરારદાદ સાથે નોટરી રૂબરૂનો નોંધાયેલ સમજુતી કરાર કે તેની એટેસ્ટેડ કોપી પણ રજુ ન કરીને પ્રતિવાદી એ વાદી સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાતથી કરારદાદી હુકમનામુ મેળવેલ હોવા

ની હકીકત આ રજુ કરેલ દસ્તાવેજી આધાર પુરાવાઓ આધારે ફલિત થતી હોય, સગવડતા–સમતુલ્લાનું પલ્લુ વાદીની તરફેણમાં રહેલ છે. વળી, જો વાદીને માંગ્યા મુજબનો આદેશાત્મક મનાઈ હુકમ આપવામાં ન આવે તો પ્રતિવાદી તેના મલિન ઈરાદામાં સફળ થઈ જાય કારણ કે, રે.દિ.મુ.નં. ૦૮/૨૦૨૫ ના રસ્તાના દાવા સંબંધે પક્ષકારો વચ્ચે રાણાવાવના નોટરી સમક્ષ નોંધાયેલ સમજુતી કરારનો માત્ર અને માત્ર પ્રતિવાદીને પોતાના ફાયદા પુરતા રસ્તા પુરતા સમજુતી કરારનો લાભ લેવા હકક થતો ન હોય, પ્રતિવાદીની પણ રાણાવાવના નોટરી સમક્ષ નોંધાયેલ સમજુતી કરારમાં કબુલ કરેલી અને સ્વીકારેલી જવાબદારી નિભાવે તો જ સમજુતી કરારમાં વાદીએ કબુલ કરેલી અને સ્વીકારેલી જવાબદારીનું બંધન વાદીને રહે છે. આમ, સમજુતી કરારના બંને પક્ષકારો સમજુતી કરારની તમામ શરતો પરીપૂર્ણ કરવા બંને પક્ષો સરખા જવાબદાર અને બંધાયેલા હોવા છતાં પ્રતિવાદીએ પોતાના ફાયદાના રસ્તાના હકક પુરતુ કરારદાદી હુકમનામુ મેળવતા સંપૂર્ણ નોટરી સમક્ષ નોંધાયેલા સમજુતી કરારની પ્રતિવાદીએ નિભાવવાની જરૂરીયાતો સંતોષતી ન હોય, વાદીની તરફેણ માં માંગ્યા મુજબનો આદેશાત્મક મનાઈ હુકમ આપવા પાત્ર વાદીનો મજબુત અને સાઉન્ડ કેસ રહેલ છે. જયારે પ્રતિવાદી વિરૂધ્ધ મનાઈ હુકમ ફરમાવવાથી તેઓને કોઈ પણ પ્રકારનું નુકશાન થાય તેમ નથી કારણ કે પ્રતિવાદીએ તેની જમીનના ખુંટની હારોહાર વિજ પોલ નાંખવા દેવાનો અને વાદીએ પી.જી.વી.સી.એલ. સમક્ષ માંગણી કરેલ વિજ–કનેકશનનો વિજ પોલ ઉભો કરવામાં વાંધો લેવાનો નથી તેવી સ્પષ્ટ કબુલાત સમજુતી કરારના પેરા–૪ માં કરી આપેલ હોવા છતાં તેઓ તરફે પી.જી.વી.સી.એલ. સમક્ષ તા.૧૩/૦૧/૨૫ નાં રદજ લેખિત વાંધા અરજી આપીને વાદીએ માંગેલ વિજ જોડાણ મળતુ અટકાવેલ હોય, પ્રતિવાદીની

વિરૂધ્ધ આદેશાત્મક મનાઈ હુકમ આપવાથી પ્રતિવાદીને કોઈ નુકશાન થવાની સંભાવના રહેલ નથી. જેથી વાદીએ તેની આંક–૦૫ ની અરજી લાવી દાદ માંગેલ છે કે, (૧) પ્રતિવાદીએ જાતે કે તેના કુટુંબીઓ, માણસો, મુખત્યાર, એજન્ટો મારફતે વાદીની જમીનમાં પી.જી.વી.સી.એલ. તરફથી વિજ જોડાણ આપવાના કામે પ્રતિવાદીની અણીયારી ગામનાં રે.સ.નં.૨૦૯ વાળી જમીનના દક્ષિણ શેઢેના ખુંટની હારોહાર વિજ પોલ નાંખે તેમાં વાંધો લે કે લેવરાવે નહીં કે કોઈ હરકત, અડચણ કે અટકાયત કરે–કરાવે નહીં તેવો પ્રતિવાદી સામે દાવો ચાલતા દરમ્યાન કામ ચલાઉ આદેશાત્મક મનાઈ હુકમ આપવા હુકમ કરવા અરજ છે.(૨) આ અરજીના સંબંધમાં અન્ય તમામ મળી શકતી દાદ અગર હુકમો અપાવવા હુકમ કરવા અરજ છે. (૩) આ અરજીનું તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી અપાવવા અરજ છે.

**(૨).** આ કામે આંક–૪ ના લીસ્ટથી વાદી તરફે **માર્ક–૪/૧** થી માર્ક **૪/૧૪** તથા **માર્ક–૨૦/૧** થી **માર્ક–૨૦/૩** સુધીના દસ્તાવેજી આધારો રજુ થયેલા છે, જેની ચર્ચા જરૂર પડયે હું મારા કારણોમાં કરીશ.

**(૩). પ્રતિવાદી નાં વાંધા–જવાબ :–** પ્રતિવાદીએ તેમનાં **આંક–૧૦** નાં વાંધા–જવાબમાં જણાવેલ છે કે, વાદીનો કોઈ પ્રાઈમાફેસી કેસ રહેલ નથી. ખરી હકીકતે, વાદી દ્વારા કોઈ પણ જાતના કારણ વગર દાવો લાંબા સમય સુધી ચાલે તેવી હકીકત જણાવેલ છે તેનો આથી સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે. ખરી હકીકતે, આ કામનાં વાદી એક નિવૃત સરકારી કર્મચારી છે અને ભણેલ ગણેલ હોય અને તેમના કહેવા મુબજ જ તેઓએ અગાઉ પણ નામ.કોર્ટમાં તથા સરકારી કચેરીઓમાં અરજ–અહેવાલો કરેલ હોય અને તેઓ કાયદાના

જાણકાર વ્યકિત હોય, તેથી અન્ય કોઈએ તૈયાર કરેલ કાગળમાં વાંચ્યા વગર કે સમજયા વગર સહીઓ કરે જ નહીં અને તે સંજોગોમાં **રે.દિ.મુ.૮/૨૦૨૫** નાં કામે રજુ કરવામાં આવેલ કરારદાદી હુકમનામુ તેમની સુચના મુજબ તૈયાર કરવામાં આવેલ હતુ અને તેઓએ તે વાંચી–સમજી પછી તેમાં સહી કરી આપેલી અને આ કામનાં વાદી તથા પ્રતિવાદી વચ્ચે થયેલ સમાધાન મુજબ જ નોટરી રૂબરૂ જ સમજુતી કરાર કરવામાં આવેલ હતુ અને તે કરારમાં વાદી તથા પ્રતિવાદી એ વાંચી – સમજીને બંનેની પોતાની સહમતીથી સહીઓ કરવામાં આવેલ હતી.

તેમ છતાં પ્રતિવાદીની જમીનમાં ગેરકાયદેસર રીતે વિજ પોલી ઉભા કરવા હોય અને તેમ કરવામાં તો પ્રતિવાદીની જમીનને નુકશાન થાય તેવા સ્થિતી–સંજોગો રહેલા છે અને વાદીની જમીનમાં હાલમાં પણ વિજ કનેકશન આવેલ છે તેઓ તેનો ઉપયોગ, ઉપભોગ કરે છે તે સંજોગોમાં બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પ્રતિવાદીની તરફેણમાં રહેલ છે અને તે રીતે વાદીની જમીનમાં હાલમાં પણ વિજ કનેકશન આવેલ છે અને વાદી તેનો ઉપયોગ આજની તારીખે પણ કરે છે તે સંજોગોમાં કામ ચલાઉ મનાઈ હુકમ ન આપવાથી વાદીને કોઈ નુકશાન જાય તેમ નથી અને જો કામ ચલાઉ મનાઈ હુકમ આપવામાં આવે તો પ્રતિવાદીની જમીનને નુકશાન થાય તેમ છે. આમ, તેઓનો વાંધા–જવાબ લક્ષમાં વાદીની કામ ચલાઉ મનાઈ હુકમની અરજી રદ કરી તેમજ દાખલારૂપ ખર્ચ અપાવવા નમ્ર અરજ કરેલ છે.

**<u>(૪). દલીલો</u>:–** આ કામે વાદી તરફે તેમના વિ.વકીલશ્રી દ્વારા આંક–૧૯ તથા પ્રતિવાદી તરફે તેમના વિ.વકીલશ્રી દ્વારા આંક–૨૧ થી લેખિત દલીલ રજુ રાખવામાં આવેલ છે. જે અરજીનો ન્યાયીક નિર્ણય કરતી વખતે વંચાણે લીધેલ છે.

**(૫). મુદદાઓ :**– ઉપરોકત પક્ષ નિવેદનોના આધારે મારા નિર્ણય માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

–: મુદ્દાઓ :–

૧. શું પ્રતિવાદી પુરવાર કરે છે કે તેઓનો માંગ્યા મુજબનો મનાઈ હુકમ મેળવવા માટેનો પ્રથમદર્શનીય કેસ છે ?

૨. શું પ્રતિવાદી પુરવાર કરે છે કે માંગ્યા મુજબનો મનાઈ હુકમ મેળવવા માટે સગવડતા અગવડતાની સમતુલા તેઓની તરફેણમા છે ?

૩. શું પ્રતિવાદી પુરવાર કરે છે કે જો તેઓને માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામા ના આવે તો તેઓને નાંણામા ના આંકી શકાય તેવુ ભારે નુકશાન જવા સંભવ છે ?

૪. શું હુકમ ?

**(૬). જવાબો :**– ઉપરોકત મુદ્દાઓનો મારો નિર્ણય નીચે મુજબ છે.

૧. “ નકારમાં”

૨. “ નકારમાં”

૩. “ નકારમાં”

૪. આખરી હુકમ મુજબ.

–: કારણો:–

**(૭).** મુદ્દા નં.૧ થી ૩ ના કારણો અને તારણો.

ઉપરોકત તમામ મુદ્દાઓ એકબજાની સાથે સંલગ્ન તેમજ સંબધકર્તા હોય તમામ મુદ્દાઓની ચર્ચા સરળતા ખાતર પૃથ્થક પૃથ્થક રીતે નહીં કરતા એકી સાથે હાથ

ધરવામા આવેલી છે. આ કામે મનાઈ હુકમ ની અરજી નો નિર્ણિત કરતા પહેલા કાયદાની સ્થિતી અને સંજોગો જોવામાં આવે તો, મનાઈ હુકમ આપતા પહેલા એ હકીકત ધ્યાને લેવી જોઈએ કે, વાદીનો પ્રાઈમાફેસી કેસ છે. વાદીની તરફેણમાં બેલેન્સ ઓફ કન્વીનયન્સ છે અને વાદીને નાણામાં ન ભરપાઈ થઈ શકે તેવુ નુકશાન જાય તેમ છે, તેવુ **ઘનશ્યામ વિ.મુરલીધર (A.I.R.1979 ઓરીસ્સા પેજ નં.૭૬)** માં આ ત્રણેય સિધ્ધાતો વાદીઓ પ્રસ્થાપિત કરે તો તેની તરફેણમાં મનાઈ હુકમ આપી શકાય છે. આ ઉપરાંત **Dalpat Kumar v. Prahlad Singh, AIR 1993 SC,**In this case Hon'ble Supreme Court held that;

**Grant of injunction is a discretionary power of the court which can be exercised thereof:**

**1.** There is a seriously disputed question that is to be tried by the court in the suit on the facts before the court, but there is the probability of his being entitled to the relief which the plaintiff or the defendant is asking.

**2.** The court needs to interfere as it is necessary to prevent the possible future loss or protect the party from the species of injuring. To be precise, before the legal right is established at trial, irreparable loss or injury would have ensued.

**3.** The comparative hardship or mischief or inconvenience would be greater than that would be granted, which is likely to occur from withholding the injunction.

આ અંગે કાયદા ની સ્થિતિ જોઈએ તો, સી.પી.સી.,૧૯૦૮ હુકમ–૩૯, રૂલ્સ–૧ ની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો, **સી.પી.સી. ઓર્ડર–૩૯, રૂલ–૧ જે કેસોમાં કામચલાઉ મનાઈહુકમ આપી શકાય :–**

(૧). જો કોઈ કેસમાં સોગંદનામાંથી અગર અન્ય રીતે એમ સાબિત થાય કે :

(એ). કોઈ દાવાની વાદગ્રસ્ત મિલકત વેડફાઈ જવાનો, તેની હાનિ થવાનો દાવાના કોઈ પક્ષકાર દ્વારા હસ્તાંતર થવાનો ભય છે અથવા કોઈ હુકમનામાની બજવણીમાં વેચાઈ જવાનો ભય છે અથવા (બી). પ્રતિવાદી પોતાના લેણદારોને છેતરવાના માટે પોતાની મિલકત ખસેડવાની અથવા વ્યય કરી નાખવાની ધમકી આપે છે અગર ઈરાદો ધરાવે છે અથવા, (સી). દાવામાં વાદગ્રસ્ત મિલકતથી વાદીનો કબજો છોડાવી લેવાનો અગર બીજી રીતે વાદી ને વાદગ્રસ્ત મિલકતના સબંધમાં હાની પહોંચાડવાની ધમકી આપે છે.(૧૯૭૬ ના સુધારણા અધિનિયમથી ઉમેરાયેલો નવો ખંડ) તો અદાલત હુકમ કરીને આવું કૃત્ય અંકુશિત કરવા કામચલાઉ મનાઈ હુકમ આપી શકે અથવા આવો દુર્વ્યય, નુકસાન, હસ્તાંતર, વેચાણ, ખસેડવાના કાર્ય અથવા વ્યય સ્થગિત કરવા અથવા અટકાવવા તેને ઠીક લાગે તે હુકમ તે ઉદેશથી કરી શકે અથવા વાદીને કબજાથી વંચિત કરવાના અથવા વાદગ્રસ્ત મિલકતના સંદર્ભમાં વાદીને અન્ય રીતે હાનિ થતી અટકાવવા (૧૯૭૬ ના સુધારણા અધિનિયમથી ઉમેરાયેલા શબ્દો) અદાલત ને ઠીક લાગે તેવો દાવાના નિકાલ સુધી અથવા બીજો હુકમ થાય નહી ત્યાં સુધીનો હુકમ કરી શકે.

(૮). આ કામે વાદી અને પ્રતિવાદીઓ સગા ભાઈયો છે તેમજ તેઓ ની જમીન આજુ બાજુ માં આવેલ છે અને આ દાવા ના પ્રતિવાદીએ અગાઉ રે.દી.મું. નં.૦૮/૨૦૨૫ થી વાદી તરીકે દાવો દાખલ કરેલ હતો તેમા પણ આ દાવા ના સમાન પક્ષકાર હતા

તેમા સમાધાન થતા સમાધાન કરાર ના આધારે દાવો વિડ્રો કરેલ હતો તે સમાધાન કરાર ની શર્ત નં.૪ મુજબ “ અમો પક્ષકાર નં.૧ (આ દાવા ના વાદી) ના એ P. G. V. C. L માં થી વીજ કનેકશન ની માંગણી કરેલ છે તેના માટે નો પોલ પક્ષકાર નં.૨ (આ દાવા ના પ્રતિવાદી) ની જમીન ના ખુંટ ની હારોહાર નાખવા દેવાનો છે અને તેમા પક્ષકાર નં.૨ (આ દાવા ના પ્રતિવાદી) એ કોઈ વાંધો લેવાનો નથી.” આ કામે આ સમાધાન ની શરત મુજબ (રે.દી.મું. નં.૦૮/૨૦૨૫) આ દાવા ના વાદી એ જયારે વીજ પોલ નાંખવા આવેલ તો તેઓ એ આ દાવા ના પ્રતિવાદી ની જમીન ના ખુંટ ની હારોહાર નાખેલ ન હોય અને જે ટ્રેકટર વગેરે પસાર થવા માં નડતર રૂપ છે તેમજ આ સર્વે કરેલ જગ્યા બદલી ને અન્ય જગ્યા પર પોલ ઉભો કરવામા આવે તો રસ્તા માં નડતર રૂપ થાય નહી તે અંગે વાંધો નથી તે બાબતે પ્રતિવાદીએ તા.૧૩/૦૧/૨૦૨૫ ના રોજ પી.જી.વી.સી.એલ. કચેરી વાંધા અરજી આપેલ હતી જે આ કામે નિ.૪/૬ થી રજુ છે. આ કામે પ્રતિવાદી એ વીજ કચેરી ને વાંધા અરજી આપતા વીજ કચેરી દ્વારા પ્રતિવાદી ને જવાબ આપેલ છે જે આ કામે નિ.૪/૭ થી રજુ છે તે વંચાણે લેતા તેમા વીજ કંપની નો સર્વે અંગે નો નક્ષો રજુ કરેલ છે તે વંચાણે લેતા “ તેમા વાદી ને આપેલ વીજ જોડાણ ની લાઈન પ્રતિવાદી ની મિકલત ના શેઢે થી આવેતી હોય તેવુ જણાતુ નથી આ લાઈન રસ્તા ની વચ્ચે થી આવતી હોવા નુ જણાયેલ છે “ તેમજ આ રસ્તો અગાઉ ના રે.દી.મું. નં.૦૮/૨૦૨૫ ના કામે થયેલ સમાધાન કરાર ની શરત નં.૩ મુજબ ૧૧ ફુટ ખુલ્લો રાખવાનો હતો પરંતુ આ જ રસ્તા માં થી વાદી વીજ જોડાણ ની લાઈન ખેચાવી થાંભલા નાખે તો રાસ્તો બંધ થઈ જાય અને સમાધાન કરાર ની શરત નં.૩ નું ભંગ થાય તેમ છે તેમજ નિ.૪/૬ થી રજુ આ કામ ના પ્રતિવાદી આપેલ વાંધા અરજી મુજબ વાદી જો વાદી આ વીજ પોલ રસ્તા માં ન નાંખી ને અન્ય

જગ્યા માં નાંખવામાં આવે તો વાંધો નથી તેવુ સ્પષ્ટ જણાવેલ છે તેથી રે.દી.મું. નં.૦૮/૨૦૨૫ ના કામે થયેલ સમાધાન કરાર ની શરત નં.૩ તથા ૪ નો પ્રતિવાદી એ કોઈ ભંગ કરેલ નથી અને જો વાદી ને મનાઈ હુકમ આપવામાં આવે તો સમાધાન કરાર ની શરત નં.૩ નો ભંગ થાય રસ્તો બંધ થાય તેમ છે.

**અદાણી એક્ષપોર્ટ લીમીટેડ** ના ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્દાતોં ધ્યાને લેતા વાદીની મનાઈ હુકમની અરજી તથા રજુ દસ્તાવેજી પુરાવો વંચાણે લેતા તેઓ નો કોઈજ પ્રથમદર્શનીય કેસ જણાઈ આવતો નથી એટલે કે વાદીની કામચલાઉ મનાઈ અરજી તથા રજુ દસ્તાવેજી પુરાવાથી બન્ને પક્ષો વચ્ચે “બોનાફાઈડ કંટેંસ્ટ”જણાઈ આવતુ નથી કારણ કે વાદી એ પ્રતિવાદી ની જમીન ને હારોહાર વીજ થાભંલ ન નાંખી ને, સમાધાન કરાર ની શરત નં.૩ મુજબ છોડેલ ૧૧ ફુટ રસ્તા માં વીજ પોલ નાંખવા માટે આ મનાઈ અરજી આપેલ છે. આમ બન્ને પક્ષો વચ્ચે તેઓના હકકોના નિર્ધારણ માટે “ફેયર અને સબસ્ટેંશ્યિલ કવેશ્ચન” હોય તેવુ પણ જણાઈ આવતુ નથી.

(૯). આમ વાદી આ કોર્ટમાં ચોખ્ખા હાથે આવેલ ન હોય તેથી તેવો નુ પ્રથમદર્શની કેસ જણાઈ આવતુ નથી. વધુમાં મનાઈ હુકમની દાદ ઈકવીટેબલ દાદ છે અને સમન્યાય ના સિધ્દાંત ઉપર આધારીત છે અને જો વાદીએ મનાઈ હુકમ મેળવવો હોય તો સોપ્રથમ તેઓનો પ્રથમદર્શનીય કેસ છે તેમજ સગવડતા અવગડતા તેઓની તરફેણમાં છે અને વધુમાં નાણાંથી ન ભરપાઈ થાઈ તેવુ નુકસાન થવા સંભવ છે આ ત્રણેય એકી સાથે સંતોષાય છે તેવુ સાબિત કરવુ પડે.

આમ નામદાર વડી અદાલત ના ચુકાદા માં પ્રસ્થાપિત સિધાંત વંચાણે લેતા જે નીચે મુજબ ના છે. It is well settled that if the plaintiff comes to Court with a material averment

that turns to be false,the Court would be slow in exercise of its power to granted discretionary relief of injunction in favour of such a plaintiff vide the (**Regional Transport Officer v. N. V. Motor Service**, **AIR 1973 Ker. 219.)**

વધુમાં વાદીની મનાઈ અરજીને **સ્પેશિફીક રીલીફ એકટની કલમ–41(e):-**" to prevent the breach of a contract the performance of which would not be specifically enforced;"

**(h).** when equally efficacious relief can certainly be obtained by any other usual mode of proceeding except in case of breach of trust; ની જોગવાઈયોનો પણ બાધ નડે છે.

In Municipal Corporation of Delhi v. Suresh Chand Jaipuria, Hon'ble Supreme Court held that permanent injunction cannot be granted when an alternative efficacious relief is obtainable in any other usual mode or proceedings. But in that case remedy for the plaintiff was available under Delhi Municipal Corporation Act. When Section 41 (h) of the Specific **Relief** Act lays down that an injunction cannot be granted when equally efficacious relief can certainly be obtained by any other usual mode or proceedings.

In Seemax Constructions Private Limited v. State Bank of India and another, AIR 1992 Del. 197, it is held that "the suppression of material fact

by itself is a sufficient ground to decline the discretionary relief of injunction. A party seeking discretionary relief has to approach the Court rath clean hands and is required to disclose all material facts which may, one way or the other, affect the decision. A person deliberately concealing material facts' from Court is not entitled to any discretionary relief The Court can refuse to hear such person on merits. A person seeking relief of injunction is required to make honest disclosure of all relevant statements of facts otherwise it would amount to an abuse of the process of the Court.”

**Lilaben vs Narendrabhai on 13 October, 2011,** In this case Honble High Court of Gujarat has held that;

This submission is strange. The appellants did not perform their part of the agreement but they want respondent to perform his part of agreement by making payment of remaining sale consideration. No purchaser would make payment of full consideration, if property purchased has no clear title. Therefore, this submission can not be accepted.

As regards the submission that section 16 of the Specific Relief Act does not entitle the respondent for claiming relief of specific performance and

the case falls under section 41 (e) of the Act, this contention can not be decided at this stage. Therefore, this submission also can not be accepted.

In view of the above, the Trial Court was justified in granting Injunction Application exh 5 filed by the respondent and rejecting the application exh 26 filed by the appellants. Learned advocate Mr. Champaneri for the appellants has failed to point out any infirmity in the impugned order.

In the result, the Appeal from Order fails and stands dismissed.

આમ નામદાર વડી અદાલત **લીલાબેન વિરૂધ નરેન્દ્રભાઈ, એમ.સી.ડી. વિરૂધ સુરેશચંદ્ર જયપુરીયા તથા સીમેક્ષ કન્સટ્રકશન વિરૂધ ભારતીય સ્ટેટ બેંક અને બીજાઓ ના** ચુકાદા માં પ્રસ્થાપિત કરેલ સિધાંત મુજબ વાદી એ વાદી એ પ્રતિવાદી ની જમીન ને હારોહાર વીજ થાભંલા ન નાંખી ને, સમાધાન કરાર ની શરત નં.૩ મુજબ છોડેલ ૧૧ ફુટ રસ્તા માં વીજ પોલ નાંખવા માટે આ મનાઈ અરજી આપેલ છે તે સંજોગોમાં વાદીને જો માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં આવે તો વાદીને નહી પરંતુ પ્રતિવાદીને અવગડતા પડે તેમ છે અને ૧૧ ફુટ પહોળો રસ્તો બંધ થઈ જાય તેમ છે અને પ્રતિવાદી ને નાણાં માં ભરપાઈ ન થઈ શકે તવુ નુકશાન થઈ શકે તેમ છે તે સંજોગોમાં વાદીની તરફેણ માં અવગડતા સગવડતાનુ પલ્લુ હોવાનુ જણાતુ ન હોય અને તેથી વાદી માંગ્યા મુજબનો મનાઈ હુકમ મેળવવા સારુ હકદાર બનતા ના હોય મુદદા નં.૧ થી ૩ નો જવાબ નકાર માં આપી, મુદદા નં.૪ લગત ચાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**::હુકમ::**

(૧). આ કામના વાદી ની મનાઈ હુકમની આંક–૫ ની અરજી નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨). હાલ ની અરજીના ખર્ચ બાબતે દાવાના આખરી નિકાલ વખતે નકકી કરવામાં આવશે.

આ હુકમ આજરોજ **તારીખ ૧૦ મી, માહે–એપ્રિલ સને ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરીને જાહેર કર્યો.

NARAYAN LAL SHARMA

Digitally signed by NARAYAN LAL SHARMA
Date: 2026.04.10 15:16:52 +0530

**તા.૧૦/૦૪/૨૦૨૬.** **(નારાયણ લાલ શર્મા)**
**સ્થળ: રાણાવાવ.** **પ્રિસીંપાલ સિવિલ જજ,રાણાવાવ.**
**UIC NO.GJ01439.**